# મારા જીવનનો 'યુ-ટર્ન'

-ઈન્દુકુમાર જાની

આજે પાછળ નજર કરું છું તો જોવા મળે છે કે મારી જીવનયાત્રામાં મેં સતત ચાલ્યા જ કર્યું છે ! 'ચરણ રુકે ત્યાં કાશી' જેવું થયું જ નથી... પંથ વીકટ, ક્યારેક કંટાળો, ક્યાંક તડકો, ક્યાંક છાયડો... જો કે એટલું ખરું કે રસ્તો સમથળ ભુમી પર, ક્યાંય ચડઉતર નહીં. પણ વળાંક અપરંપાર. ક્યારેક અંગત મીત્રો સાથે ચર્ચા થાય ત્યારે એવું કહેવાનું બન્યું છે કે, મારા જીવનમાં દર પાંચ-સાત વર્ષે વળાંકો આવતા રહ્યા છે. આ વળાંકો એવા કે જીવનના વહેણને જ બદલી નાંખે, ક્યારેક જીવનમાં બીલકુલ ' યુ- ટર્ન ' લાવી દે ! મેં કલ્પનાય ન કરી હોય એવા રસ્તે છોડી મુકે.

માત્ર એક જ વળાંક વીશે કહેવું હોય તો મેં બેન્કની નોકરી છોડી ને જાહેરજીવનમાં ઝંપલાવ્યું એને ગણી શકાય. મને યુવાવસ્થામાં એવો અફસોસ રહેતો હતો કે મને મારી યોગ્યતા મુજબની નોકરી મળતી નથી. જે નોકરી મળી હતી એ પણ માંડ માંડ મળેલી. સોળ વર્ષ નોકરી કર્યા બાદ એમાં રાજીનામું મુકીને, ફરી અનીશ્ચીત ભાવી ભણી ખેંચાઈ ગયો. એ દીવસોમાં અકથ્ય માનસીક તનાવ અને અવઢવમાંથી પસાર થવાનું બન્યું હતું.

એની પાછળની ભુમીકા સમજવી રહી. જેને ટુંકમાં 'ખેતી બેન્ક' તરીકે ઓળખવામાં આવે છે એમાં મારી કામગીરી લીગલ આસીસ્ટન્ટ તરીકેની હતી. ત્યારે કર્મચારીઓનાં પગારધોરણો નીચાં, ગમે ત્યાં બદલી થઈ જતી, વહાલાંદવલાંની નીતી ચાલતી. કર્મચારીઓનું યુનીયન નહોતું. અમે કેટલાક મીત્રોએ એ સમયે જોખમો વહોરીને યુનીયન સ્થાપ્યું. એ યુનીયનમાં જુદે જુદે તબક્કે જનરલ સેક્રેટરી અને પ્રમુખપદની જવાબદારી નીભાવી. યુનીયન વતી 'ચાર્ટર ઓફ ડીમાન્ડ' રજુ કરી; મનમાં એવો ખ્યાલ કે આ સહકારી બેન્કના કર્મચારીઓનું ભયંકર શોષણ થાય છે. આંદોલન છેડ્યું અને અન્ય સાથીઓ ભેળાં મરણાંત ઉપવાસ પણ કર્યા. ઉપવાસને સાતમે દીવસે સમાધાન થયું. આ દીવસો દરમ્યાન બેન્કના તત્કાલીન ઉપપ્રમુખ **શ્રી. ઝીણાભાઈ દરજી**ના પરીચયમાં આવવાનું બન્યું. એમની સાથે અવારનવાર ચર્ચાઓ થતી રહેતી.

એક દીવસ ઝીણાભાઈએ કહ્યું કે, 'તમે માનો છો કે બેન્કના કર્મચારીઓનું બહુ શોષણ થાય છે, બરાબર ? તમે મારી સાથે અમારા આદીવાસી વીસ્તારમાં ફરવા આવો.' એમની સાથે વ્યારા, સોનગઢ, ઉચ્છલ, નીઝરનાં ઉંડાણનાં ગામોમાં ફર્યો. એમની શૈક્ષણીક, સહકારી, તથા અનેક વીકાસ પ્રવૃત્તીઓ નજીકથી જોઈ, વ્યારાના જંગલ વીસ્તારમાં આવેલી પંચોળ ખાતેની શૈક્ષણીક સંસ્થા **'વનાંચલ'** (આ નામ કાકાસાહેબ કાલેલકરે આપ્યું છે)માં એક સંમેલન હતું. લંગોટીવાળા આદીવાસીઓ જોયા. એ તો પ્રમાણમાં વીકસીત વીસ્તાર; છતાં કોટવાળીયાઓમાં ગરીબી ભારે. સંમેલન પછી જમવાનું હતું. એક આદીવાસીભાઈ જમ્યા પછી એક પતરાળીમાં ભજીયાં લઈ જતા હતા, એમના ઘરે કોઈ હશે એને માટે !

ત્યારબાદ પણ અવારનવાર એ વીસ્તારમાં જવાનું બન્યું. ઝીણાભાઈ **'ગુજરાત ખેત વીકાસ પરીષદ'**ની સ્થાપના કરતા હતા. એના રજીસ્ટ્રેશનનું કામ મને સોંપ્યું. મેં શરત મુકી, 'મને એમાં સભ્ય બનાવો તો કામ કરું.' આ પ્રકારના લાડ કરવાની મને એમણે પહેલેથી છુટ આપેલી. પરીષદનો સ્થાપક સભ્ય થયો. એનું રજીસ્ટ્રેશન કરાવ્યું. પરીષદના કારણે જ ઝીણાભાઈ ઉપરાંત રતુભાઈ અદાણી, માધવસીંહ સોલંકી, સનત મહેતા, નરસીંહ મકવાણા વગેરે અગ્રણીઓના પરીચયમાં આવવાનું બન્યું.

બેન્કની નોકરીમાંથી રસ ઓછો થતો જતો હતો. મનમાં એવું થતું હતું કે, હું તો ઘણો સુખી છું. પેલા આદીવાસીઓને તો રોજી મેળવવા દર દર ભટકવું પડે છે. પરીષદની રચના પછી સમાજના કચડાયેલા વર્ગો માટે વીકાસ પ્રવૃત્તી કરવાની ઝીણાભાઈની નેમ હતી. તેઓ પરીષદના પ્રમુખ થયા

અને મને મંત્રી તરીકેની જવાબદારી સોંપી. આ સંસ્થાનું કામ વીકસાવવા માટે પુરો સમય આપવો પડે એવું હતું. બૅન્કની નોકરી છોડું તો જ એમ થઈ શકે.

એ નીર્ણાયક પળે મને મારાં સહધર્મચારીણીની હુંફ અને સક્રીય ટેકો મળ્યાં. એ દીવસોમાં અમે દંપતી અને બા-બાપુજી એમ અમારું ચારનું કુટુંબ. બૅન્કની લોનમાંથી ઘર બનાવેલું એટલે ભાડું ભરવાની ચીંતા નહોતી. ઘણી બધી ચર્ચા પછી જીવનસાથીએ ધરપત આપી કે, 'મારો પગાર તો આવે જ છે, તમે નોકરી છોડી દો. તમને ગમે છે એવી પ્રવૃત્તી કરો.' મારી અંગત જરુર ઓછી હતી. સ્કુટરનું પેટ્રોલ અને પરચુરણ ખર્ચ જોગું મળી રહે એટલે બસ ! વકીલાત શરુ કરી. એમાંય પરીષદનાં કામો માટે સમય નહોતો બચતો. તેથી એ પણ છોડી દીધી.

આદીવાસીઓ, દલીતો, અન્ય પછાત વર્ગો, મહીલાઓ વગેરે અસંગઠીત જનસમુહો વચ્ચે કામ શરુ કર્યું. પરીષદ દ્વારા શીક્ષણ સંસ્થાઓ શરુ થઈ. કચ્છ, ભાવનગર, અમદાવાદ, પંચમહાલ, સુરત અને વલસાડ જીલ્લામાં પ્રવૃત્તી કેન્દ્રો સ્થપાયાં. એ દીવસોમાં નાના-સીમાંત ખેડુતો માટે દેવાનાબુદીનો કાયદો આવ્યો. એનાં હજારો ફૉર્મ ભરાવ્યાં. ઝીણાભાઈ જ્યારે વીસ સુત્રી કાર્યક્રમ અમલીકરણ સમીતીના કાર્યકારી અધ્યક્ષ થયા ત્યારે પરીષદના ઉપક્રમે જે કંઈ થઈ શકે તેવાં વંચીતલક્ષી કામો કર્યાં. અંત્યોદય કેન્દ્રો ચલાવ્યાં. અલબત્ત, આજ સુધી સરકારી હોદ્દાઓ (અપવાદરુપ કેટલીક સમીતીઓ ખરી) પર રહેવાનું કે કોઈપણ રાજકીય પક્ષમાં જોડાવાનું બન્યું નથી.

જીવનનો આ વળાંક જબરદસ્ત હતો. પરીષદની પ્રવૃત્તીને લીધે ગુજરાતનાં અન્ય સ્વૈચ્છીક સંગઠનોના પરીચયમાં આવવાનું બન્યું. સમાજ પરીવર્તનની દીશામાં કાર્યરત સંસ્થાઓમાં પણ જોડાવાનું બન્યું. પરીષદનું જ મુખપત્ર **'નયા માર્ગ'** ૨૬ જાન્યુઆરી, ૧૯૮૧થી સંભાળ્યું. આજ સુધી એનું પ્રકાશન ચાલુ છે . 'નયા માર્ગ'માં તેમજ અન્ય અખબારો, સામયીકોમાં જુદા જુદા મુદ્દાઓ પર લખવાનું બનતું રહ્યું છે. પત્રકાર તરીકેની તેમ જ માનવ અધીકારનાં જતન-સંવર્ધન માટેની કામગીરી સબબ પુરસ્કારો પણ મળ્યા…

જો બૅન્કની નોકરી ન છોડી હોત તો અસંગઠીત વર્ગોની વેદનાઓને વાચા આપવાનું બન્યું ન હોત. કુદરતી અને માનવસર્જીત આપત્તીઓનો ભોગ બનેલાં લોકોની આંખોનાં આંસુ લુછવાનું બન્યું ન હોત. ભુમીહીન ખેતમજુરો, આદીવાસી શેરડી-કામદારો, સીલીકોસીસનો ભોગ બનતાં અકીક-કામદારો, મીઠાનાં અગરીયાઓ, જંગલ-જમીનની લડતો લડતાં આદીવાસીઓ, ટીમરુપાન કે ગુંદર વીણતી બહેનો, પીવાનું પાણી મેળવવા વલખાં મારતી બહેનો, બાળમજુરો, સફાઈ કામદારો, અનેક અત્યાચારોનો ભોગ બનતાં દલીતો, કાળી મજુરી પછીયે લઘુત્તમ વેતન ન પામતા શ્રમજીવીઓ વગેરે વગેરેની સમસ્યાઓ પર કામ કરવાનું કે લખવાનું બન્યું ન હોત.

ક્યારેક બૅન્કના જુના મીત્ર મળી જાય છે ત્યારે કહે છે કે, 'તમે અમારે માટે લડ્યા, અમારા પગારો અને સલામતી વધ્યાં; પણ તમે તો એનો લાભ લીધો નહીં !… તમે બૅન્કમાં રહીને ૫૮ વર્ષે રીટાયર થયા હોત તો તમને ત્રીસેક લાખ રુપીયા પીએફ-ગ્રેજ્યુઈટી મળ્યાં હોત' વગેરે વગેરે.

મને લાગે છે કે ભલે બૅન્કમાં હોત અને કમાયો હોત એટલું તો હું ક્યારેય કમાયો નથી; પણ કદાચ 'કુવાના દેડકા જેવું' જીવન જીવતો હોત ! મને કેટકેટલાં કર્મશીલો અને બુદ્ધીજીવીઓનો પરીચય થયો ! કેટકેટલાં લોકોનો પ્યાર મળ્યો ! ઝીણાભાઈએ પોતાના હૃદયમાં મને તેમના માનસપુત્રનું સ્થાન આપ્યું, એમના અંતીમસંસ્કારની તક મળી ! જો કે અનેક કસોટીઓ અને સંઘર્ષોમાંથી પસાર થવાનું બન્યું છે; પણ સાચી નીષ્ઠા અને જીવનસાથીનો પ્રેમાળ સથવારો ક્યારેય નાસીપાસ થવા દેતો નથી.

અંતે તો હું એવું માનું છું કે સુખ અને સંતોષ એ સાપેક્ષ બાબતો છે. આપણે એવી દૃષ્ટી કેળવીએ કે આપણાથી પીડીત, દુઃખી અને ઝુંપડાંવાસીઓ - શ્રમજીવીઓ હોય એવાં કરોડો લોકો

કેટકેટલી યાતનાઓ વેઠી રહ્યાં છે અને દોજખભર્યું જીવન જીવી રહ્યાં છે; એમની તુલનામાં આપણું દુઃખ તો કશી જ વીસાતમાં નથી…

મારા જીવનનો એ '**યુ-ટર્ન**' મારે માટે અને કુટુંબ માટે ઉર્ધ્વગામી બની રહ્યો હોવાની લાગણી આ પળે અનુભવું છું.

-ઈન્દુકુમાર જાની

તા. ૧૬ ઑક્ટોબર, ૨૦૦૭ના '**નયા માર્ગ**' (તંત્રી : ઈન્દુકુમાર જાની, '**ખેતભવન**', ગાંધી આશ્રમની બાજુમાં, **અમદાવાદ-૩૮૦ ૦૨૭**, ફોન : ૦૭૯-૨૭૫૫ ૭૭૭૨, વાર્ષીક લવાજમ : રુપીયા- ૧૫૦, વીદેશમાં રુપીયા : ૬૦૦) પાક્ષીકમાંથી સાભાર…'**નયા માર્ગ**'ના બધા અંકો વાંચવા તેની વેબસાઈટ http://nayaamaarg.googlepages.com/nm-archive-001 ની મુલાકાત લેવા ખાસ વીનંતી…

◆●◆

*('નવનીત સમર્પણ'ના યુવાન તંત્રી શ્રી. દીપક દોશીએ ૨૦૦૭ના દીપોત્સવી અંક માટે એક પ્રશ્ન, સર્વશ્રી. નગીનદાસ સંઘવી, ગુણવંત શાહ, જોસેફ મેકવાન, ઈન્દુકુમાર જાની, યોગેશ કામદાર, ઉર્વીશ કોઠારી, રાજ ગોસ્વામી, રમેશ ઓઝા વગેરે ચીંતકો-લેખકોને મોકલ્યો. પ્રશ્ન હતો : 'આજના આ સાયબર, વૈશ્વીકરણ, ઔદ્યોગીકરણના યુગમાં લોકોની સંવેદનક્ષમતાની માવજત કઈ રીતે થઈ શકે?' નીચે તંત્રીએ એક વીગત-નોંધ પણ લખી છે…તો તે નીમીત્તે, તેના પ્રતીભાવ રુપે શ્રી. ઈન્દુકુમાર જાનીના વીચારો…'નવનીત સમર્પણ'ના નવેમ્બર ૨૦૦૭ના અંકના પાન ૬૭ ઉપરથી સાભાર…)*

## સંવેદનક્ષમતાની માવજત

જે દીવસથી ઔદ્યોગીક ક્રાંતીનાં મંડાણ થયાં તે જ દીવસથી સંવેદનક્ષમતાની ચીંતા સેવવી પડે એવાં શાસન અને સમાજનું નીર્માણ થવા લાગ્યું. મુડીવાદ, શોષણ, શેરબજારથી માંડીને ઉપભોક્તાવાદ આપણને ભરડો લેવા લાગ્યા. માર્ક્સના ચીંતન અને સામ્યવાદે એક ભીન્ન વીચારધારા રજુ કરી; પણ આજના વૈશ્વીકીકરણ, ખાનગીકરણ, ઉદારીકરણ અને સાઈબરના માહોલમાં બધું છીન્નભીન્ન થતું જોવા મળે છે. આધુનીક સુધારા અંગે ગાંધીજીએ 'હીંદ સ્વરાજ'માં એને 'ચાંડાળ સુધારા' કે 'પશ્ચીમના સુધારાવાદ' તરીકે ઓળખાવીને લાલબત્તી ધરી હતી. પરંતુ ૨૧મી સદીનો હાલનો મુડીવાદ 'સર્વાઈવલ ઓફ ધ ફીટેસ્ટ'નો ડાર્વીન કથ્યો સીદ્ધાંત ચરીતાર્થ કરવા ઈચ્છે છે. એમ તો જૉન સ્ટુઅર્ટ મીલે યુરોપીયનોની સંસ્કૃતી બહેતર હોવાથી તેઓ એશીયા-આફ્રીકા જેવા પછાત સંસ્કૃતીના લોકો પર રાજ કરે એને ઉચીત ગણાવ્યું હતું

અમેરીકા પોતાની ઉપભોક્તાવાદી સંસ્કૃતી અને જીવનશૈલી અંગે કોઈ ચર્ચા કે બાંધછોડ કરવા રાજી નથી. સમુહ માધ્યમો દ્વારા એ સંસ્કૃતીનો બેરોકટોક પ્રચાર-પ્રસાર થઈ રહ્યો છે. અમેરીકા પોતાની સર્વોપરીતા સ્થાપવા ઈચ્છે છે. ભારતનો આમઆદમી તેની રોજબરોજની જંજાળોમાંથી ઉંચો આવતો નથી. સંપત્તીવાનો સ્વાર્થી, આરામપ્રીય અને નર્યા સ્વકેન્દ્રી થતા જાય છે. સમાજમાં ધનવાનની પ્રતીષ્ઠા અગાઉ કરતાં આજે વધુ પ્રમાણમાં જોવા મળે છે, યેનકેનપ્રકારેણ સંપત્તીવાન થાવ… કરોડપતી-અબજપતીની યાદીમાં સ્થાન મેળવો એવી એક હોડ લાગી છે. કૉર્પોરેટ જગત આજે એકને નોકરીએ રાખે છે, બે જણ જેટલો પગાર ચુકવે છે અને ઓછામાં ઓછું ચાર જણ જેટલું કામ લે છે. એ માણસની સંવેદનાનો કુચો નીકળી જાય છે. આજે ઝડપી પરીવહનનાં સાધનો વધ્યાં, સંદેશાવ્યવહાર ક્ષેત્રે ક્રાંતી થઈ, ટેકનોલૉજીએ અનેક ક્ષેત્રોમાં જબરદસ્ત વીકાસ સાધ્યો… માનવીની બૌદ્ધીકક્ષમતા તીક્ષ્ણ થતી ગઈ અને સંવેદનક્ષમતા બુઠ્ઠી થતી ગઈ!

કૃષી-ક્રાંતી પછી ઔદ્યોગીક ક્રાંતી અને ત્યાર બાદ માનવીય ક્રાંતીનું **'ત્રીજું મોજું'** આવશે એવું **એલવીન ટૉફ્લરે** ભાખ્યું હતું. બજારવાદનો અંત આવશે અને વીજ્ઞાન, ટૅકનોલૉજી, ઉદ્યોગ-ધંધા બધાંને માનવીય સ્વરુપ મળશે એવી કલ્પના રજુ કર્યા બાદ ખુદ એણે જ ગુલાંટ મારી અને 'પાવરશીફ્ટ'માં અમેરીકાના મુડીવાદનું મહીમાગાન કર્યું.

આ સંજોગોમાં અસમાનતા વધતી જાય અને ન્યાયી સમાજરચના પાછળ ઠેલાતી જાય એવું બનવાનું જ. આ માનવીય પડકાર દીલમાં છલોછલ સંવેદના થકી જ ઝીલવો રહ્યો. જો કે સંવેદનક્ષમતાની આ કટોકટી આજકાલની નથી. જ્યારે આઝાદી બીલકુલ ઢુંકડી હતી ત્યારે ગાંધીજી દેશના ભણેલા લોકોની હ્રદયહીનતાથી દુઃખી દુઃખી હતા. અસ્પૃશ્યતા વીરુદ્ધ અવાજ ઉઠાવવામાં સુશીક્ષીત સુધારક વર્ગ પ્રામાણીક નથી એવી ડૉ. બી. આર. આંબેડકરની પણ ફરીયાદ હતી. એટલે શીક્ષણક્ષેત્રે માનવીય મુલ્યોનું સ્થાપન કરવું જરુરી બનતું જાય છે. શીક્ષીત ઈજનેર કે ડૉક્ટર તેના વ્યવસાયમાં નામના કાઢવાની સાથોસાથ સારો માનવી બને તો કામનું !

બાળચીત્તમાં નાનપણથી સમભાવના, સંવેદનાનું આરોપણ-જતન-સંવર્ધન થતું રહેવું જોઈએ. એક વાર નીશાળે જતાં બાળકે એની માને કહ્યું કે "મમ્મી ! આજે નાસ્તો વધારે મુકજે, મારી સાથે એક દોસ્તાર ભળવાનો છે." મમ્મીએ ઠપકો આપ્યો, "તારે એની કોઈ ચીંતા સેવવાની જરુર નથી. એ તારો દોસ્ત નથી; હરીફ છે." એક વાર એક બહેને સોસાયટીનાં ટાબરીયાંઓને જુદા જુદા રંગોની પીપરમીન્ટ આપી. બે બાળકોએ એક ખાસ રંગની ટીકડી બાજુમાં મુકી દીધી. પીપરમીન્ટ જેવી બાળકોને લલચાવનારી વસ્તુને પણ ધીક્કારનું સ્વરુપ અપાયેલું જોવા મળ્યું. બાળકોના મનમાં "એ તો બીજી કોમનો રંગ છે" એવું ઠસાવાયેલું. પેલાં બહેને કુદરતના જુદા જુદા રંગો વીશે પ્રેમથી સમજાવ્યું પછી તે બાળકોએ લીલા રંગની નકારેલી ટીકડી ખાધી.

આ બંને બીનાઓ પહેલી નજરે નાની લાગે; પણ તે સંવેદનક્ષમતા પર કુઠારાઘાત કરે છે અને જે જાતની માનસીકતા જન્માવે છે એ માટે જવાબદાર કોણ? માતા-પીતા, શીક્ષકો, અખબારો કે સમગ્ર સમાજ ? બાળપણથી શીક્ષકોએ અને વાલીઓએ શીક્ષણ દરમ્યાન સંવેદનક્ષમતાનું સીંચન કરવું રહ્યું.

આ સમગ્ર પ્રશ્નને જરા જુદા દૃષ્ટીકોણથી પણ જોવો જોઈએ. આજના યુગમાં અતીકુશળ (હાઈલી સ્કીલ્ડ) યુવાનો જ ટકી શકશે. બાણું ટકા અસંગઠીત વર્ગ ધીરે ધીરે ગર્તામાં ખોવાતો જાય છે. ઔદ્યોગીક ક્રાંતી પછી શરૂ થયેલું શહેરીકરણ વેગ પકડતું જાય છે. શહેરોમાં મલ્ટીપ્લેક્સ, સુપરમૉલ, રોશનીથી ઝળહળતા માર્ગો, સ્કાયસ્ક્રેપર્સ વધતાં જાય છે. સાથોસાથ ગંદી ઝુંપડપટ્ટીઓ પણ વધતી જાય છે. ગામડાંઓ ભાંગતાં જાય છે. ખેતીની જમીનો છીનવાતી જાય છે. આદીવાસીઓ, દલીતો, મીઠાના અગરીયાઓ, માછીમારો, સ્થળાંતરીત મજુરો વગેરેની બેહાલી વધતી જાય છે. "ભુખ્યાં જનોનો જઠરાગ્ની" જાગી રહ્યો છે અને નક્સલવાદનું બીહામણું સ્વરુપ ધારણ કરી રહ્યો છે. ભુતકાળમાં ક્યારેય ન હતી એટલી સર્વાશ્લેષી અને સાર્વત્રીક સંવેદનાની આજે જરુર છે. કહેવા પુરતું આજે કૉર્પોરેટ ક્ષેત્ર 'સામાજીક ઉત્તરદાયીત્વ'નું ગાણું ગાઈ રહ્યું છે; પણ એ તો 'એરણની ચોરી અને સોયનું દાન' જેવું છે. આ ચાલી શકે નહીં. વીશાળ વંચીત વર્ગની અવહેલના માઠાં પરીણામો લાવશે. સુખી લોકો અને કૉર્પોરેટ ક્ષેત્ર આ વંચીત જનસમુહો ભણી, માત્ર દયા નહીં; સાચા દીલની સંવેદના દાખવે એ સમયનો તકાજો છે. સંપત્તીવાનોએ પોતાની સલામતી ખાતર પણ વંચીતો ભણી સંવેદનશીલતા દાખવવી રહી. સમૃદ્ધીના ટાપુ પર પોતે સુખેથી જીવી શકશે એમ માનવું ભુલભરેલું ગણાશે.

આપણા શીક્ષણક્ષેત્રની જેમ જ આપણું સાહીત્ય, ટી.વી.સીરીયલ્સ, ફીલ્મો વગેરે માનવીના હ્રદયમાં રહેલી સંવેદનાને સંકોરતાં રહે તો સંવેદનક્ષમતાની માવજત સુપેરે થશે. ગૌતમ બુદ્ધ, ઈસુ ખ્રીસ્ત, ગાંધીજી વગેરેના પ્રેમ, કરુણા પ્રસરાવતા સંદેશને આપણે સૌએ આત્મસાત્ કરવો રહ્યો.

માનવ-સભ્યતા અનેકાનેક અવરોધો વચ્ચે પણ પ્રગતી સાધતી રહી છે. માનવઅધીકારોની દીશામાં દીવસે દીવસે સંવેદનાસભર સમજ વીકસતી જાય છે...અંતમાં હું રવીન્દ્રનાથ ઠાકુરને સંભારીશ. એમના આયુષ્યનું અંતીમ વર્ષ. શાંતીનીકેતનમાં એમની એંશીમી જન્મતીથી નીમીત્તે આપેલું વ્યાખ્યાન 'સભ્યતાર સંકટ' મારા કાનમાં ગુંજે છે : "માનવજાત પ્રત્યેનો વીશ્વાસ ખોઈ બેસવો એ પાપ છે, એ વીશ્વાસ હું આખર સુધી જાળવી રાખીશ... મનુષ્યના પરાભવને અંતહીન અને પ્રતીકારહીન માની લેવો એને હું અપરાધ સમજું છું."

આપણે માનવજાતમાં શ્રદ્ધા રાખીએ અને સાચા દીલની સંવેદના 'જ્યોત સે જ્યોત જલે'ની જેમ પ્રગટાવતા રહીએ...

-ઈન્દુકુમાર જાની
સંપર્ક : ઓફીસ:'ખેતભવન', ગાંધી આશ્રમ પાસે, અમદાવાદ-૩૮૦ ૦૨૭ ફોન:૦૭૯-૨૭૫૫ ૭૭૭૨
રહેઠાણ : ૭-ત્રીમુર્તી સોસાયટી, ગુલબાઈ ટેકરા, અમદાવાદ- ૩૮૦ ૦૧૫ ફોન : ૦૭૯-૨૬૩૦ ૩૪૧૫
ઈ-મેઈલ : indujaniad1@sancharnet.in
'નયા માર્ગ'ની વેબસાઈટ : http://nayaamaarg.googlepages.com/nm-archive-001

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : 149 -- April 13, 2008
'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં અક્ષરાંકનઃ uttamgajjar@hotmail.com



## સર્જક પરીચય

ઉપરોક્ત બન્ને લેખો વાંચ્યા પછી ભાઈ ઈન્દુકુમાર જાનીનો પરીચય આપવાની જરુર ખરી? તેથી, અહીં માત્ર કેટલીક ન કહેવાયેલી વાતો જ કહીએ..

શ્રી. ઈન્દુકુમાર જાનીનો જન્મ તા. ૧૯ ડીસેમ્બર ૧૯૪૩માં દયાનંદ સરસ્વતીના ગામ ટંકારામાં થયો. પીતા શ્રી. અમૃતલાલ જાની જુની રંગભુમીના સમર્થ નાટ્યકલાકાર. સરસ્વતીચંદ્ર નાટકમાં સ્ત્રીપાત્ર તરીકે કુમુદસુંદરીની એમની જાનદાર પાત્રભજવણી તે જમાનાના પ્રેક્ષકો આદરથી યાદ કરે. ઈન્દુભાઈને કલા-સંસ્કૃતીના પાઠ ઘરમાંથી સાંપડતા રહ્યા. ૧૯૬૪થી ૬૮નાં વર્ષોમાં આર્ટ્સ,

કૉમર્સ અને કાયદાની ત્રણે ફૅકલ્ટીમાં તેમણે ગ્રેજ્યુએશન મેળવ્યું. પછી બૅન્કની નોકરી, અન્યાય સામે સંગઠન અને ઝુંબેશ, શ્રી. ઝીણાભાઈનો સંપર્ક, નોકરીનો ત્યાગ અને ૧૯૮૧થી **'નયા માર્ગ'** પાક્ષીકનું એકધારું પ્રકાશન વગેરે વીગતો એમણે એમના ઉપરોક્ત લેખમાં લખી જ છે. હાલ તેઓ 'ખેત વીકાસ પરીષદ'ના સ્થાપક સભ્ય અને કાર્યકારી પ્રમુખ છે. બે ડઝન જેટલાં સ્વૈચ્છીક સંગઠનો, જેઓ દીન-દુખીયાં, દલીતો, શ્રમીકોના પ્રશ્નો ઉકેલવામાં અને તેમને રાહત પહોંચાડવામાં કાર્યરત છે તેમાં તેઓ સક્રીય રીતે એક યા બીજા હોદ્દે સંકળાયેલા હોવાથી ઘણું ફરે છે અને તળગુજરાતના દુખીયારા જનસમુહોને હુંફ અને રાહત પહોંચાડે છે.

આજે તેઓ ગુજરાતનાં ઉંડાણનાં ૧૭ ગામોમાં આશ્રમશાળાઓ, ઉત્તર બુનીયાદી અને માધ્યમીક વીદ્યાલયો-છાત્રાલયોનું સંચાલન કરવા ઉપરાંત સફાઈ કામદારો, અગરીયાઓ, ખેતમજુરો વગેરેના અધીકારો માટે સક્રીય આગેવાની પુરી પાડી રહ્યા છે. ઘણું લખ્યું છે. જાહેર વીકાસકીય બાબતો, રૅશનાલીઝમ, માનવઅધીકારો વગેરે જેવા વીષયોમાં અનેક પુસ્તીકાઓ ઉપરાંત જાહેર સેવકો-કાર્યકરોનાં શબ્દચીત્રો તેમણે પ્રગટ કર્યાં છે. અનેક દૈનીકપત્રો-સામયીકોમાં નીયમીત કૉલમોમાં લેખનકાર્ય ચાલુ છે. આકાશવાણી - દુરદર્શનમાં પણ અનેક વાર્તાલાપો આપ્યા છે.

૧૯૯૪માં ગુજરાત સરકાર દ્વારા 'જાહેરવીકાસકીય પત્રકારત્વ' ક્ષેત્રે **'ઉત્તમ પત્રકાર'** તરીકેનો ઍવૉર્ડ તથા રુ. ૨૫,૦૦૦નો પુરસ્કાર; ૧૯૯૮માં 'સૅન્ટર ફૉર સોશીયલ જસ્ટીસ' અને 'નવસર્જન' દ્વારા અપાયેલો **'માનવ અધીકાર ઍવૉર્ડ'**; ૨૦૦૧માં સાવલીયા રીચર્સ, અમદાવાદ દ્વારા **'કીર્તી ગોલ્ડ મૅડલ'** અને ૨૦૦૫માં 'ગુજરાત જર્નાલીસ્ટ યુનીયન' દ્વારા અપાયેલો **'સીનીયર જર્નાલીસ્ટ'** વગેરે જેવાં સન્માનથી તેઓ વીભુષીત થયા છે..

--જુગલકીશોર અને ઉત્તમ ગજ્જર


◆●◆

◆ 13મી જાન્યુઆરી 2006ના દીને મુંબઈ ખાતે ગુજરાતી લૅક્સીકૉનના થયેલા પ્રથમ લોકાર્પણને બે વરસ પુરાં થયાં. આ બે વરસમાં 8,20,000 જેટલા ભાષાપ્રેમીઓએ અત્યાર સુધીમાં http://www.gujaratilexicon.com ની મુલાકાત લીધી. આપને અને આપ મારફત આપના મીત્રોને પણ લૅક્સીકૉનની આ નવી interfaceની મુલાકાત લેવાનું નીમંત્રણ છે. વીશ્વનાં કરોડો ગુજરાતી ભાઈ-બહેનો સુધી આ સંદેશો પહોંચાડવામાં સહાય કરી, આપને પણ ગુજરાતી ભાષાની અમુલ્ય સેવાના પુણ્યના અધીકારી બનવા વીનંતી.

*વપરાશકારોના મળેલાં મુલ્યવાન સુચનો અનુસાર અમે* http://www.gujaratilexicon.com *ના ઉઘડતે પાને જ અમારું 'સરસ ગુજરાતી સ્પેલચેકર' આકૃતી સાથે ડાઉનલોડ લીંક જોડી મુક્યું છે. આપ તે ડાઉનલોડ કરો અને તેની ક્ષમતા ચકાસી સુચનો મોકલો એવી વીનંતી કરીએ છીએ.*

આપ સૌના સહયોગ થકી 'સન્ડે ઈ-મહેફીલ'ના 8,300 જેટલા વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા બહુ મોટી સંખ્યામાં છે. સૌનો આભાર...અમારી 'સન્ડે ઈ-મહેફીલ'ની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો અમારી વેબસાઈટ http://gujaratilexicon.com/index.php?aciton=downloadSeM પરથી સરળતાથી ડાઉનલોડ થઈ શકશે. આ જ વેબ સાઈટ પરથી લૅક્સીકૉન અને શ્રી. વીપુલ કલ્યાણી તરફથી લંડનથી પ્રકાશીત થતા 'ઓપીનીયન' માસીકના અને શ્રી. પ્રવીણ વાઘાણી (મેલ્બોર્ન-ઓસ્ટ્રેલીયા) તરફથી પ્રકાશીત થતા 'માતૃભાષા' માસીકની મુલાકાતે પણ જઈ શકાશે.. ◆

## ● મધુરેણ સમાપયેત્ ●




Baba never talked about Sofasan !!!????


પેન્સીલ્વેનીયા-અમેરીકામાં વસેલા અમદાવાદી કાર્ટુનીસ્ટ શ્રી. મહેન્દ્રભાઈ શાહનો
ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com

એમનો પરીચય પામવા અને એમનાં ખુબ બધાં કાર્ટુન્સ માણવા જુઓ એમની
web site : [www.ameamericanamdavadi.com](http://www.ameamericanamdavadi.com)


'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : 149 -- April 13, 2008
'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં અક્ષરાંકન: uttamgajjar@hotmail.com


◆●◆